## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

યાદ ભૂંસાતી રહી કે હું – ખબર પડતી નથી !
જ્યોત બુઝાતી રહી કે હું – ખબર પડતી નથી !
હું થતો ભરચક ફૂલોની સાવ વચ્ચેથી પસાર-
મ્હેંક વીંધાતી રહી કે હું – ખબર પડતી નથી !

- મનોજ ખંડેરિયા

### પાથેય

- રમેશ ઠક્કર

આપણું કર્મ એ બાષ્પીભવન જેવું હોય છે..એ સંચિત થઈ વરસતું હોય છે.. એ જ આપણી આસપાસનો માહોલ ઘડે છે.. તમને જે પ્રતિભાવો જગત તરફથી મળે છે એ એની જ નીપજ હોય છે...સતત મથતા રહેવું એવો અભિગમ હોવો જોઈએ..

જગતમાં સારું ઘણું છે..આપણી જોવાની દ્રષ્ટિ કદાચ આમાં મહત્વની બાબત છે..અને કોઈપણ માણસની દ્રષ્ટિ પાછળ એની મનોસૃષ્ટિ રહેલી હોય છે..જીવન પ્રત્યેનો ખેલદિલ અને ખુલ્લો અભિગમ જ જીવન જીવવાની સાચી સમજ છે...પરંતુ આપણો અભિગમ સામાન્ય રીતે આપણી ફૂટપટ્ટીથી જ નકકી થતો હોય છે... હમણાં એક મેળાવડામાં ,એક જ પંગતમાં સમાજની એક અત્યંત શ્રીમંત વ્યક્તિ સાથે જમતો હતો..એમને નીચે બેસી જમવાનો મહાવરો ન હતો..છતાં એ સહજ બેઠા હતા.જમતાં જમતાં એમની થાળીમાં નાની પથરી જેવું કંઈક આવ્યું. એમણે બિલકુલ સરળ રીતે એનો નિકાલ કરી જમવાનું ચાલુ રાખ્યું...યજમાન થોડાક ઝંખવાયા. પણ એ સજ્જને બહુ સહજ ભાવે કહયું..'આ તો થાય .એમાં શું..? પણ રસોઈ અફલાતુન છે.' વાત સામાન્ય છે...પણ અભિગમ મહત્વનો છે..

જગતમાં દરેક વખતે તમને અનુકૂળ પ્લેટફોર્મ જ મળે એવું હોતું નથી.સ્ટેજ ગમે તેવું હોય જેમ અભિનય મહત્વનો છે એમ સંજોગો ગમે તેવા હોય આપણું એના માટેનું વલણ એ આપણી પોતાની ક્ષમતા આધારિત હોય છે..'સુદરમ્' કહે છે એમ દુનિયામાં ઘણું બધું સુંદર નથી હોતું..આપણે એને ચાહીચાહીને સુંદર કરવાનું હોય છે'.આપણે જયારે ચાહનો અભિગમ રાખીએ છીએ ત્યારે સામે વાહ પુરસ્કારરુપે મળે છે..

આપણે ત્યાં નીરસવૃતિ વાળા માટે સોગીયો ચહેરો કે કટાણું મોઢું લઈ ફરનાર માણસ એમ કહેવાય છે..એમને હંમેશાં એવા જ માણસો મળતા હોય છે..અને એટલે જ કહેવાયું છે કે 'રોતો જાય એ મૂઆના ખબર લાવે..' સ્ફૂર્તિથી થનગનતો ખેલાડી જયારે મેદાનમાં ઉતરે છે ત્યારે એની ચાલ અને હાવભાવથી જ આપણે કહી શકીએ છીએ કે આજે મજા આવશે..વકતા જયાં સ્માઈલ સાથે આત્મીય ઉદ્દબોધન કરે ત્યાં જ શ્રોતા તલ્લીનતામાં લીન થઈ જાય છે..ઘણાને મળતાં જ આપણે નીરસતા અનુભવીએ છીએ..

કેટલાક લોકોને મળ્યા પછી આપણે કહીએ છીએ કે 'તમને મળ્યા પછી મને ખુબ સારુ લાગ્યું.' આમાં ભૌતિક રીતે તો આપણે કશું મેળવતા નથી હોતા, પણ એનામાં રહેલી હકારાત્મક ઉર્જા આપણને ઉલ્લાસમય બનાવે છે..જીવનમાં અધુરપો અનેક છે. આપણી આસપાસ અડચણો અનેક છે પણ આપણા મનોભાવોની છાલ્લક એને સહ્ય બનાવતી હોય છે. જીવન એ આમ જોઈએ તો ફકત એક અભિગમ છે. બાકી તો આપણી સહુની સફર એક સમાન છે..બધું એકવિધ છે બસ વિચારોનું જ વૈવિધ્ય છે જે આપણને અલગ પાડે છે...વ્યકિતની આગવી ઓળખ ઉભી કરે છે.

# ભારત-રશિયા મૈત્રીને ઝાંખપ નહિ લાગે

**તંત્રીસ્થાનેથી...**

રશિયાએ ખરા સમયે ભારતની પડખે રહી મિત્રતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડેલું છે. જયારે પણ ભારતને ટેકનોલોજી ક્ષેત્રે કે સામરિક સ્તરે મદદની જરૂર પડી છે ત્યારે એણે હૂંફ આપી છે એટલું જ નહીં, પૂરી તાકાત સાથે એણે ભારત વિરોધી તત્ત્વો સામે ઝીંક ઝીલી છે. રશિયા સાથેની મૈત્રીનો ઈતિહાસ છેક ડૉ. રાજેન્દ્ર પ્રસાદના રશિયા પ્રવાસ સાથે સંકળાયેલો છે. પંડિત નહેરુથી લઈ ઈંદિરા ગાંધી કે રાજીવ ગાંધી અને ડૉ. મનમોહનસિંહ સુધીના કોંગ્રેસી વડાપ્રધાનો અને અટલ બિહારી વાજપેયીથી લઈ મોદી સુધીના નેતાઓ સાથે રશિયાએ એક સરખો ઉમળકો દર્શાવી બે મહાન શક્તિશાળી રાષ્ટ્રોની દોસ્તીનું ઐતિહાસિક દૃષ્ટાંત પૂરું પાડવાની સાથે જ વિશ્વની બીજી બે મહાન તાકાતો - અમેરિકા અને ચીનને સ્પષ્ટ સંદેશો પણ પાઠવી દીધો છે. રશિયાનું ભૌગોલિક અને રાજકીય સ્વરુપ પરિવર્તન થયા છતાં આ બાબતે એનું વલણ એકધારું ભારત તરફી રહ્યું છે. જેની પ્રતીતિ માત્ર છ કલાક પૂરતા દેશની રાજધાનીમાં આવી પુનિત દ્વારા મોદીની ઉપસ્થિતિમાં અપાયેલી વિવિધ ક્ષેત્રોમાં સહયોગની રજૂઆતથી થયા વગર રહેતી નથી. રશિયાને માઠું લગાડીને ભારતે અમેરિકાનું બગલબચ્ચું બની જવાની જરૂર નથી, એ મુદ્દાની વાત વડાપ્રધાન મોદી પણ સુપેરે સમજે છે. એથી અસોલ્ટ રાઈફલોના ઉત્પાદનથી માંડી મિસાઈલ ખરીદી સુધીના કરારો કરી એમણે ભારત-રશિયા મૈત્રીની પ્રતિબદ્ધતાનું સ્પષ્ટ નિદર્શન કર્યું છે. રશિયાની મૈત્રી ફક્ત સૈન્ય ક્ષેત્રે નથી. અંતરિક્ષ અભિયાનમાં પણએ ભારતની પ્રગતિમાં સહયોગ કરતું રહ્યું છે. આપણી વચ્ચે વેપારવૃદ્ધિ તો થતી જ રહી છે, અમેરિકાને નહીં ગમતું હોવા છતાં એમાં ઓટ નથી આવી. આપણી ફિલ્મો અને અભિનેતાઓ રશિયાની પ્રજાને ગમે છે. રાજકપૂર તો અડધા રશિયન હીરો જ લાગતા હતા. એમની 'આવારા' ફિલ્મ હોય કે 'મેરા નામ જોકર' - એ ભારત જેટલી જ રશિયામાં ધૂમ મચાવતી રહી છે. જરા દુઃખ સાથે નોંધ લેવી પડે કે જે ઉમળકો અમેરિકન પ્રમુખને આવકારવા માટે પ્રદર્શિત કરાયો તે પુતિન માટે ન કરાયો. વડાપ્રધાને જાતે એરપોર્ટ પર જઈ રશિયન નેતાને બાથમાં લીધા હોત તો કેવું રૂડું દશ્ય સરજાયું હોત! પુતિનને આધુનિક રશિયાનો લગભગ આજીવન નેતૃત્વ સોંપી દીધું છે. વળી અમેરિકાની કુટિલ રાજનીતિનો ભોગ બની વેરવિખેર થઈ ગયેલું રશિયા પુતિનના નેતૃત્વમાં પુનઃ એની ખોવાયેલી મહાસત્તાવાળી ગરિમા પ્રાપ્ત કરી રહ્યું છે. એ સાચું કે આ મહાન રાષ્ટ્ર જયારે સોવિયેત સંઘ તરીકે ઓળખાતું હતું ત્યારે એની અને આપણા દેશની વચ્ચેનું ચીન તો સાવ કંગાળ હાલતમાં સબડતું ગરીબડું અને પછાત રાષ્ટ્ર હતું. ચીનની હરણફાળ અને રશિયાની પછળાટ લગભગ સમાંતરે ચાલતાં રહ્યાં. પરંતુ એથી રશિયાની મૂળ ઓળખ ઝંખવાઈ ભલે હોય પણ ભૂંસાઈ તો નથી જ ગઈ. અફઘાનિસ્તાન પર રશિયાએ જમાવેલ કબજો છોડાવી ૧૯૯૫માં તાલિબાનોએ સત્તા મેળવી હતી. તાલિબાનોને હટાવી અમેરિકાએ પોતાના પિઠ્ઠુ બેસાડ્યા પણ આખરે તો એમાં એની હાર જ થઈ. અત્યારે ભારત અને રશિયા બોઉએ અફઘાનિસ્તાનમાં ડ્રગ્સ અને આતંકવાદ જેવાં અનિષ્ઠોનો સામનો કરવો પડે એમ છે. એ દિશામાં પણ બેઉ રાષ્ટ્રોના વડાઓનું બહુ જ સ્પષ્ટ શબ્દોમાં સહયોગની વાત વિચારી છે. પુતિન સાથેની 'નજદીકિયાં' અમેરિકાની આંખમાં કણાની જેમ ખૂંચતી હોય તો પણ એ આપણી જુગજૂની દોસ્તીના દાવે રચાયેલી ઘટના છે. ભારત અમેરિકાની શરતે જીવી શકે નહીં. એને પોતાના દોસ્ત અને દુશ્મન નક્કી કરવાનો અને દોસ્તી કે દુશ્મની નિભાવવાનો જન્મસિદ્ધ અધિકાર છે.

# અંતિમ પસંદગી યાદીમાં ન તો કયાંક એ ડોશીમાં હતાં કે ન તેની હિમાયત કરનાર પુત્ર




એક વિશ્વ વિદ્યાલયમાં ગુજરાતીના અધ્યાપક માટેની લિખિત પરીક્ષા યોજવામાં આવેલ તેમાં મેં આખા રાજયમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. રૂબરૂ મુલાકાતમાં મારી જ પસંદગી થશે તેનો મને પુરો ભરોસો હતો.

નિયત તારીખે સંપૂર્ણ તૈયારી સાથે હું રૂબરૂ મુલાકાત માટેના ખંડમાં પ્રવેશ્યો. અધ્યક્ષ મહોદયે પોતાના ચશ્મા સરખાં કરતાં પૂછ્યું, 'તમે રૂબરૂ મુલાકાતનું માધ્યમ લખ્યું નથી. આઈ મીન તમે ઈન્ટરવ્યુ ગુજરાતીમાં આપશો કે અંગ્રેજીમાં.'

તેમના આ આકસ્મિત પ્રશ્ને મને અંદર સુધી હલબચાવી દીધો. પોતાની જાતને કાબુમાં રાખવાનો પ્રયત્ન કરતાં સંયમપૂર્વક મેં કહ્યું.

'માફ કરશો શ્રીમાન, આઝાદીના આટલાં વર્ષો પછી પણ આપણે હજી અંગ્રેજીમાં મોહપાશમાં બંધાયેલા છીએ. ગુજરાતી આપણી માતૃભાષા છે અને માતૃભાષા પ્રત્યે આપણને આપણી માં અને માતૃભૂમિ સમાન શ્રદ્ધા હોવી જોઈએ. આપણે એવા લોકો તરફ દૃષ્ટિ કરવી જોઈએ. માતૃભાષાની ઉન્નતિ માટે સમર્પિત થઈ ગયા અને આપણે.... આટલા ઊંચા અને જવાબદારીવાળા પદ પર બેઠા હોવા છતાં...'

તેઓ બધા મને નિર્વાક સાંભળતા રહ્યા. પછી વિષયના અભ્યાસક્રમ અંગેના પ્રશ્નો પૂછવામાં આવ્યા. મેં બધા જ પ્રશ્નોના સાચા અને બરોબર જવાબ ત્વરીત આપ્યા.

મને મારી એ રૂબરૂ મુલાકાતથી ખુબ સંતોષ હતો. પણ પેલો પ્રથમ પ્રશ્ન હજુ મને જાણે કે હથોડાનો ઘા મારી રહ્યો હતો.

તે રાતે કોણ જાણે કયારે આંખ મીંચાઈ. મને સપનામાં એક ડોશીમાં દેખાયા. તેમના સફેદ વાળ વિખરાયેલા હતા. વસ્ત્રો જર્જરીત થઈ ગયેલાં હતા. ફાટી ગયેલા પાનીવાળા પગમાં તૂટેલા ચંપલ હતા. કપાળ પર ચિંતાની અસંખ્ય કરચલીઓ દેખાતી હતી. હું કંઈ કહું તે પહેલાં જ તે આર્દસ્વરે બોલ્યા. 'બેટા, આ તે બરાબર ન કર્યું. આવું કરીને તેં તારા પગ પર કુહાડી મારી છે. તારી બેકારી જોઈને મારા રોમ રોમમાં જવાળાઓ ઉઠે છે. બેટા... કહેતા કહેતા એ રડી પડ્યા.'

તે પછી હું આખી રાત સુઈ ન શકયો. અનિષ્ઠની આશંકા મને ઘેરી વળી. 'જો કે મારો ઈન્ટરવ્યુ તો બહુ સારો ગયો હતો... અને તેમાં પણ ગુજરાતીની ભાષા હિમાયત કરવી એ પ્રત્યેક ગુજરાતીનું કર્તવ્ય છે. મારા ગુજરાતી પ્રેમથી અધ્યક્ષ મહોદય બહુ રાજી થયા હશે. ...' મનના કોઈ ખૂણે હજી શંકા સળવળી રહી હતી.

આજ આયોગના કાર્યાલયે જઈ પરિણામ જોયું તો કોઈ આવકાશી પિંડ ધમાડ દઈને માથે આવી પડ્યો. જેણે મારી ચેતનાને જાણે છીન્નભિન્ન કરી નાંખી.

અંતિમ પસંદગી યાદીમાં ન તો કયાંક એ ડોશીમાં હતાં કે ન તેની હિમાયત કરનાર પુત્ર.

# હિન્દી ફિલ્મ ગીતોમાં કાવ્યાત્મકતા




અત્યારે હિન્દી ફિલ્મી ગીતોમાં કાવ્યાત્મકતા કેટલી ?

આવો કોઈ પ્રશ્ન પૂછે તો એનો શો જવાબ આપી શકાય ?

એક સમય એવો હતો કે ઉર્દૂ શાયરોના મોટા શાયરો ફિલ્મી ગીતો સાથે સંકળાયેલા હતા. મઝરૂહ સુલ્તાનપુરી, સાહિર લુધિયાનવી, શકીલ બદાયૂની, શૈલેન્દ્ર, હસરત જયપુરી, કૈફી આઝમી વગેરે ફિલ્મી ગીતો લખતા હતા. આ બધા શાયરો હતા એટલે ગઝલના છંદો એમણે હાથવગાં હતા. જૂના ફિલ્મી ગીતો સાંભળીને તો ખ્યાલ આવશે કે મોટા ભાગના ગઝલના છંદોમાં લખાયા છે, એ રીતે એ ગીતોનો લય સચવાયો છે. આ પેઢીના



કવિઓ પછી ગુલઝાર અને જાવેદ અખ્તરના ગીતોમાં કાવ્યાત્મકતા જોવા મળે છે પણ એ સિવાય ગીતોના નામે ઢંગધડા વગરની શબ્દ પ્રયુક્તિઓ જ સાંભળવા મળતી. આનંદ બક્ષી કે સમીરનાં ગીતો લોકપ્રિય જરૂર થતા પણ એમાં કાવ્યનો આનંદ કેટલો રહેતો હતો એ પ્રશ્ન તો રહે જ છે !

છેલ્લે બે દાયકામાં હિન્દી ફિલ્મી ગીતોની ભાષામાં મોટું પરિવર્તન આવ્યું છે. 'સેકસી' જેવો શબ્દ પણ હવે ગીતમાં છૂટથી વપરાવા લાગ્યો અથવા તો ડેવિડ ધવનની ફિલ્મના ગીતો સાંભળીએ તો દ્વિઅર્થી લાગે અને એમાં ગોવિંદાના ચેનચાળા એને વધારે દ્વિર્થી બનાવે. છતાં બીજા કેટલાક ગીતકાર આવ્યા. ગુલઝાર અને જાવેદ અખ્તર પછી કે એમણે ફરી ગીતોની કાવ્યાત્મતા નિખારી. ગુલઝાર તો 'એનક' જેવો શબ્દ પ્રયોગ પણ ગીતમાં કરે છે કે પછી 'તેરી બાતો મેં કિમામ કી ખૂશ્બુ હૈ' કેવી પંક્તિ પણ આપી છે અને એ લોકપ્રિય પણ થાય છે પ્રસૂન જોશી, અભિજિત ભટ્ટાચાર્ય, ઈરશાદ કામીલ વગેરે નવી કલમોએ હિન્દી ફિલ્મી ગીતોની સુંદરતા નિખારી છે.

'રોકસ્ટાર' કે 'બરફી' કે સંજય લીલા ભણશાલીની ફિલ્મનાં ગીતો સાંભળીએ તો કે એક જુદા જ પ્રકારનો અનુભવ થાય. 'મેં રંગ શરબતો કા, તું મીઠે ઘાટ કા પાની' જેવી નવી કલ્પના હિન્દી ફિલ્મી ગીતોમાં સાંભળવા મળવા લાગી. ઈરશાદ કામીલે લખેલા 'રોકસ્ટાર' ફિલ્મના ગીતો વચ્ચે પિયૂષ મિશ્રા લોકગીતોના લયઢાળને લઈને ફિલ્મી ગીતો આપે છે. 'ગેન્સ ઓફ વાસેપુર' નાં ગીતો એ રીતો નોખા તરી આવે છે. અભિજિત ભટ્ટાચાર્યના 'કલંક' ફિલ્મનાં ગીતો કે 'ધડક' ફિલ્મનાં ગીતોની ભાષા અને એમાં આવતાં કલ્પનો તાજગીનો અનુભવ કરાવે છે. તાજગીનો અનુભવ કરાવે છે સાથે સાથે કાવ્યાત્મકતાનો ગુણ પણ એમાં જળવાયેલો જોવા મળે છે. જે જૂના શાયરોની કવિતામાં, ગીતોમાં જોવા મળતો હતો.

ભારતીય કવિતા સાહિત્યની વાત કરવાની આવે ત્યારે આપણી ફિલ્મનાં ગીતોને પણ યાદ કરવા પડે. એ ફિલ્મનાં ગીતો છે, માત્ર મનોરંજન આપે છે એટલું કહીને એની ઉપેક્ષા થઈ શકે એમ નથી.

# જો પૃથ્વી પરથી માણસ અદ્રશ્ય થઈ જાય તો ?




કેવી કલ્પના છે ? આ ધરાતલ પરથી માણસ અદ્રશ્ય થઈ જાય તો કેવી પરિસ્થિતિ સર્જાય ? દુનિયામાં ચારેકોર ભમતો મનૂષ્ય, ક્યાંક ચાલીને જતો, ક્યાંક વાહનમાં દોડતો, વિમાનમાં બેસીને આકાશમાં ઉડતો કે સબમરીનમાં બેસીને દરિયામાં ડૂબકી મારતો માનવ અચાનક અદ્રશ્ય થઈ જાય તો શી પરિસ્થિતિ ઊદભવે તેની કલ્પના કરવી આમ તો ભયજનક છે. પણ એ કલ્પનામાંથી હાસ્ય નિષ્પન્ન કરવું એ જરુર અઘરી વાત છે. છતાં આપણે બનતો પ્રયત્ન કરી જોઈએ.

ગયા વરસે આખા દેશમાં કોરોનાને અટકાવવાના ઉપાય તરીકે લોકડાઉનનો અમલ કરવામાં આવ્યો હતો.( સફળ કેટલો થયો એ વળી સંશોધનની વાત છે.) તે સમય દરમ્યાન ફક્ત રસ્તાઓ, બજારો અને ઓફિસોમાંથી જ માણસ અદ્રશ્ય થયો હોવા છતાં શહેરો અને ગામોમાં કેવો સન્નાટો છવાઈ ગયો હતો ? (છતાં કોઈ પૂછતું ન હતું કે, " ઈતના સન્નાટા ક્યું હૈ ભાઈ ?) આમ તો માણસ કાંઈ જગતમાંથી અદ્રશ્ય નહોતો થયો એના ઘરમાં તો હાજર હતો જ, છતાં પર્યાવરણમાં કેટલા બધા ફેરફાર થઈ ગયેલા ? હવામાંથી ધૂમાડો જતો રહ્યો અને પ્રદુષણ ઓછું થયું. પ્રદુષણ એટલું બધું ઓછું થયું કે દિલ્હીવાળાને હિમાલય અને વડોદરાવાળાને પાવાગઢ દેખાવા માંડ્યો. દીપડા જેવા જાનવરો ટહેલતાં ટહેલતાં શહેરોની સડક પર આવી ગયાં. વૃક્ષોને એવી નિરાંત થઈ ગઈ કે ના પૂછો વાત ! ના કોઈ તોરણ માટે આસોપાલવના પાંદડાં તોડવા આવે કે શિવજી ઉપર બિલીના પાન ચડાવવા જાય. દેવદેવીઓને ફૂલ વગર ચલાવવાની ફરજ પડી. ફૂલો એમના છોડ ઉપર જ ઝૂલતાં અને મહેકતાં રહ્યાં. એને કારણે પતંગિયાં, મધમાખી અને ભમરાઓને કેવી મઝા પડી હશે ? એમનો આનંદ જોઈને ઈશ્વર પણ રાજી રાજી થઈ ગયો હશે ! નદીઓના પાણી સ્વચ્છ થઈ ગયા કારણ કે માણસો એમના પાપ ધોવા ગંગા, જમના કે ગોમતીમાં નહાવા નહોતા આવતા. ફૂલ અને પાંદડાં અને અન્ય પૂજાસામગ્રી નદીઓ અને તળાવોમાં ફેંકાતી અટકી એનાથીયે દરેક જળસ્રોત રાજી થતા હશે. લોકડાઉનમાં વાહનોની દોડધામ બિલકુલ અટકી ગયેલી , એના કારણે કેટલા લીટર પેટ્રોલ-ડિઝલ બચ્યું હશે ? અને વાહનોની અડફેટે આવી મરણ પામતા લોકોની સંખ્યા તો સાવ ઘટી ગઈ. રોજ ભજિયાં-ફાફડા અને જલેબી ખાનારાઓને ખાસી તકલીફ પડી હશે. પણ એનાથી વધારે તકલીફ તો પેલા પાન ગુટખા ખાઈને જ્યાં ત્યાં થૂંકનારાઓને પડી હશે !. પણ રસ્તાઓ અને ફૂટપાથો અને સીડીના ખૂણાઓ એમની પિચકારીઓથી બચી ગયા એનું શું ?

આ તો કેવળ માણસના રસ્તાઓ અને બજારોમાં ગુમ થવાના કારણે ઊભી થયેલી પરિસ્થિતિની વાત થઈ. પણ માણસ સાચેસાચ આ ધરતી પરથી અલોપ થઈ જાય તો શું થાય ? એનીયે થોડીક કલ્પના કરવા જેવી છે.

સૌથી વધારે ખુશી તો વૃક્ષોને જ થાય. વિકાસના નામે એમનું જે રીતે નિકંદન નીકળી રહ્યું છે તે એકદમ અટકી જાય. એવી જ રીતે ખનિજ તેલ, કોલસો, લોખંડ અને અનેક પદાર્થો ધરતીનું પાતાળ ફોડીને ખોદી કાઢવામાં આવે છે. એ ધરતીના ઘાવ રુંઝાય અને નવા ઘા પડતા બંધ થાય. નદી તળાવ સમુદ્રમાં મોજથી ફરતી માછલીઓને અચાનક જાળમાં ફસાવીને જળ બહાર ખેંચી લઈ તેમના જીવનનો અંત લવાય છે તે માનવીય મૃત્યુની ઘટનાઓ સાવ અટકી જાય. મરઘાં-બતકાં, ઘેટાં અને બકરાંને કેવી બેરહેમીથી માણસ પોતાના સ્વાદ ખાતર મોતને ઘાટ ઉતારે છે તેનો પણ અંત આવે અને એમની જીવનદોરી લાંબી થાય. રાસાયણિક કારખાનાઓનો કચરો નદીઓ-તળાવોમાં ઠાલવવામાં આવે છે તે બંધ થાય અને અને " ગંગા તેરા પાની અમરીત" ગીત લખનારાની ભાવના ફળીભૂત થાય. માનવીઓના અવળા ધંધાઓથી હવામાં સતત જે કાર્બન ડાયોક્સાઈડ ફેલાવવામાં આવે છે તે અટકવાથી હવા શુધ્ધ થાય અને દિલ્હીથી કાયમ હિમાલય દેખાય તથા વડોદરાથી પાવાગઢ દેખાય. ચકલી જેવાં નાનકડાં પંખીઓની સંખ્યા ઘટી રહી છે તેમને જીવતદાન મળે.

ગાય અને ભેંસ વગેરે અનેક જાનવરો નિરાંતે જ્યાં મન ફાવે ત્યાં ચરી શકે , એમને અચાનક " એય ઊભી રહેજે, તને મઝા ચખાડું છું" એમ કહીને ડંડો લઈને કોઈ મારવા ના આવે. એમના સંતાનોને દૂધ પીતા પીતા કોઈ ખેંચી ના જાય. એમને બ્રાં, બ્રાં કરતા ભાંભરતા બાળકોને જોવાં ના પડે. ઘોડાને કોઈ ઘોડાગાડીમાં ના જોડે, બળદને કોઈ બળદગાડીએ ના જોડે. પક્ષીઓને કોઈ પાંજરામાં ના પૂરે. લાકડાં બાળવા કોઈ ઝાડ ના કાપે.

થોડીક તકલીફ શહેરની ગાયોને થાય ખરી. રોજ એક રોટલી ખવરાવતા પુણ્યાત્માઓ અદ્રશ્ય થઈ ગયા હોવાથી એમને ઉદરભરણમાં બાધા આવે. કૂતરાં તો બિચારાં લોકોનું એઠુંજૂઠું ખાઈને જ જીવતાં હોય છે એમને ખાવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય. પછી એમણે ના છૂટકે પુરાતનકાળમાં કરતાં હતાં તેવો માંસાહાર અપનાવવો પડે. હા એટલું ખરું કે ટોની , મોંટુ, કલ્લુ, લાલિયો એવાં એમના નામ પાડવામાં આવતાં હતાં એ બંધ થાય.

માણસ અદ્રશ્ય થાય તો ગિરનો સિંહ અમરેલીની બજારમાં બેઠક જમાવી શકે. આગ્રાનો બળદ તાજમહાલમાં જઈને પોદળો પાડી શકે. દિલ્હીનું કૂતરું લાલકિલ્લામાં જઈને દિવાને ખાસમાં જ્યાં શાહજહાં બેસતો હતો એ સિંહાસનની જગ્યાએ જઈને એક પગ ઊંચો કરીને એની ટેવ મુજબ ઉત્સર્જન કરી શકે ! શહેરનાં કબૂતરો ગાંધી, સરદાર, નહેરુ, ઈંદિરા વગેરેના પૂતળાઓ ઉપર નિરાંતે ચરકી શકે !( શું વાત કરો છો એ તો અત્યારેય થાય જ છે ? આટલા બધા માણસ છે તોયે ?)

સૂરપાણેશ્વરની નર્મદા ઓળંગીને આવેલું વાઘનું બચ્ચુ સરદાર પટેલની ઊંચી પ્રતિમા જોઈ શું વિચારે ? કેવો ઊંચો લપડંક પથરો છે ? શું માણસ આવો હશે ? એ બે પગ પર ઊભો જ કેવી રીતે રહી શકે ? ખરેખર માણસ બહુ વિચિત્ર પ્રાણી હશે નહીં ?

### દિન મહિમા

- અખિલ ભારતીય હસ્તશિલ્પ સપ્તાહ
  આ સપ્તાહ સમગ્ર ભારતમાં ૮ થી ૧૪ ડિસેમ્બર સુધી ઊજવાય છે. જેનો ઉદ્દેશ્ય હસ્તશિલ્પ કારીગરીથી લોકોને જાગૃત કરવા, સહયોગ અને તેનું મહત્વ વધારવાનો છે.
- જિમ મોરીસનનો જનમદિન
  આજના દિવસે વિખ્યાત અમેરિકન ગાયક જિમ મોરીસનનો જન્મ થયો હતો. તેમણે રૉક મ્યુઝિકના ઈતિહાસનું આઈકન ગણવામાં આવે છે. તેમણે અનેક ગીતો પણ લખ્યા છે.

આજનું

### ઔષધ

- આવળના બીજનું પા ચમચી ચૂર્ણ સવાર-સાંજ જમ્યા પછી લેવાથી અને યોગ્ય પરેજી પાળવાથી ડાયાબિટીસ કાબુમાં રહે છે.

### ખડખડાટ

- આપણે ત્યાં ખાલી મેસેજ કરીને જ કામ નથી થતું પણ ફોન કરીનેય કેવું પડે મેસેજ કરી દીધો છે જોઈ લેજો હો...?!
- (ટિચરે કલાસમાં બધાને પૂછ્યું)
  ટીચર : કયું પક્ષી ઝડપથી ઊડે છે?
  જિગો : જેને બઉ ઉતાવળ હોય એ
  (સામેથી ડસ્ટરનો ઘા આવ્યો)

આજનો

### વોટ્સએપ

- બધા પ્રયત્નોમાં કદાચ સફળતા ન પણ મળે, પરંતુ બધી સફળતાનું કારણ પ્રયત્નો જ હોય છે.
- લક્ષ્ય વગરની દોડ એ ગતિ છે જયારે લક્ષ્ય સાથેની દોડ એ પ્રગતિ છે.

આજની

### પ્રેરક બોધકથા

અમેરિકા પ્રવચન આપવા ગયેલા મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન ન્યુયોર્ક જતી ટ્રેનમાં બેઠા હતા. એમને પાછું જર્મનીમાં પાછા ફરવું કેટલું સલામત સુરક્ષિત છે. તેના સંદર્ભમાં વાતચીત કરવા જર્મન સરકારના પ્રતિનિધિ ડૉ. સ્વાર્મ પણ એમની સાથે ટ્રેનમાં હતા. વૈજ્ઞાનિકે પોતાના મિત્ર એવા ડૉ. સ્વાર્ઝ પાસે સલાહ માગી કે તેઓ એમને સાચી સલાહ આપે કે 'શું એમને જર્મની પાછા ફરવું જોઈએ ?' આઈન્સ્ટાઈન સ્વતંત્ર મિજાજ ના હોઈ એમને જર્મનીમાં પાછા ફરવામાં જોખમ લાગી રહ્યું હતું. આ પ્રશ્નના જવાબમાં ડૉ સ્વાર્ઝે જરા કડકાઈથી કહ્યું : 'પ્રાધ્યાપક સાહેબ, હું તમને જર્મની પાછા ફરવા સમજાવવા આવ્યો છું. જર્મનીમાં આપના જેવાને વાંધો નહીં આવે. તમને જર્મની પાછા ફરવા માટે આગ્રહ કરું છું.' આઈન્સ્ટાઈને અકળાઈને કહ્યું, 'અત્યારે ચાલતી હિટલરની શાસન વ્યવસ્થાથી હું ખુબ દુઃખી છું. જર્મની સરકારની પ્રવૃત્તિ જોઈ વ્યથિત થાઉ છું. આવું ને આવું ચાલશે ત્યાં સુધી મારી માતૃભૂમિ પર પગ મૂકીશ નહીં.' ડૉ. સ્વાર્ઝે પૂછ્યું કે, 'આ તમારો અંતિમ નિર્ણય છે?' આઈન્સ્ટાઈને દઢતાથી કહ્યું, 'હા,જર્મની છોડવું એ મારો અફર નિર્ણય છે.' ડૉ. સ્વાર્ઝે એક સમજું અને સંવેદનશીલ વ્યક્તિ હતા. તેમણે પોતાનો આગ્રહ જતા કરતા કહ્યું. 'જર્મની પ્રતિનિધિ તરીકે મેં મારી ફરજ બજાવી છે. અને હું આપને પરત ફરવા સમજાવી શક્યો નહીં. પરંતુ એક વ્યક્તિ તરીકે અને તમારા મિત્ર તરીકે મારે આપને કહેવું જોઈએ કે આપનો નિર્ણય ડહાપણ ભર્યો છે. જર્મની પાછા ફરવું તમારે માટે આ શાસનમાં હિતાવહ નથી.'

### વિચાર

- ભૌતિક સંપત્તિ માણસે સંભાળવી પડે છે, જયારે આધ્યાત્મિક શક્તિ માણસને સંભાળે છે
  - જીવન પાથેય
- જે માણસ ટીકા કે નિંદા સાંભળવા છતાં સ્થિર રહીને ઈશ્વર સ્મરણ કરે છે તે આત્મિક પ્રગતિ સાધી શકે છે
  - એસ ભટ્ટાચાર્ય